### મોડાસા તાલુકાના કુડોલ ગામે થોડા દિવસ પહેલા કરંટ મૃત્યુ થયાની ફરીયાદ નોંધાવનારને જ

# ફરીયાદીને જ આરોપી જાહેર કરાતા ખળભળાટ

મોડાસા તા.૨૩

અરવલ્લી જીલલા ના મોડાસા તાલુકાના કુડોલ ગામે થોડા દીવસ અગાઉ ખેતર માં કરંટ લાગતા એક વ્યકતી નુ મોત થયુ હતુ જેનો ગુનો મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન માં નોધાવામાં આવ્યો હતો. જેની ફરીયાદ ખેતર ના માલીકે નોધાવી હતી પરંતુ તપાસ દરમ્યાન આ ફરીયાદ નોધાવનાર ફરીયાદી ને જ પોલીસે આરોપી બનાવતા સમગ્ર તાલુકા માં ખળચળાટ મચી જવા પામ્યો છે.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર જે ખેતર માલીકે ફરીયાદ નોધાવી હતી તે ખેતર માલીક ધ્વાર પોતાના ખેતર ના સેઢે આવેલી તાર ની વાડ ઉપર વીજ પ્રવાર લગાવવામાં આવ્યોહ તો જેના કરાણે મૃત્યુ પામનાર ને કરંટ લાગતા તેનુ મોત નીપજયુ હતુ. મૃત્યુ પામનાર ની લાશ સાથે ચેડા કર્યા હતા અને પુરાવા નાશ કરવાની કોશીષ કરી હતી.

આ અંગે રૂરલ પી.એસ.આઈ ઝાલા ના જણાવ્યા અનુસાર ફરીયાદી ખેતર માલીકે પોતાના ખેતર માં ઢોર ઢાંખ ર ના પેસી જાય તે માટે પોતાના ખેતર માં તાર ની વાડ ઉપર વીજ પ્રવાહ જોડવામાં આવ્યો હતો જયારે તેનાઘરે બાબરી નો પ્રસંગ હોઈ તેણે આ વીજ પ્રવાહ બંઘ કરેલ હતોલ પરંતુ તેના દીકરા અને તેના મિત્ર એ મળી ને વીજ પ્રવાહ ડાયરેક તાર થી ચાલુ કરી દેતા મુકેશ ભાઈ મૃત્યુ પામ્યા હતા ત્યારે પુરાવાનો નાશ કરવા માટે લાશ ને ખેતર થી દુર ફેકી દીધી હતી.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

પર્યાવરણ બચાવની શ્રેષ્ઠ કામગીરી સાથે -કૃતિ સંવર્ધન અને સંરક્ષણની શ્રેષ્ઠ કામગીરી બદલ કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત પર્યાવરણ મિત્ર એવાર્ડ અર્પણ કરવામાં આવે છે. આ શ્રેષ્ઠ કામગીરી સાબરકાંઠા કલેકટરશ્રી બંછાનિધિ પાનીના માર્ગદર્શન હેઠળ ઈકો કલબના માધ્યમથી સાબરકાંઠા જિલ્લામાં લોકોમાં પર્યાવરણની સુધારણાનો મૈત્રીભર્યો અભિગમ અપનાવી પર્યાવરણ બચાવવા સ્કૂલ, ગ્રામ્ય વિસ્તારમાં તેમજ શહેરી વનીકરણ, પાણીનો બગાડ અટકાવવા તેમજ અછત નિવારણ, મેડીકલ વેસ્ટનો નિકાલ, વન અને વન્ય -ાણીઓનું સંરક્ષણ સહિતની નાગરીક સુવિધાઓને લગતી શ્રેષ્ઠ -વૃતિ બદલ સેન્ટર ફોર એન્વાયમેન્ટ એજયુકેશન અમદાવાદ ધ્વારા સમગ્ર રાજયમાં સાબરકાંઠા જિલ્લાને શ્રેષ્ઠ જિલ્લો જાહેર કરી સાબરકાંઠા કલેકટરશ્રી બંછાનિધિ પાનીને પર્યાવરણ મિત્ર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ડીસા તાલુકાનાં સાંડીયા ગામે ૫૮ લાખના જમીન કૌભાંડમાં બેની ધરપકડ

ડીસા, તા. ૨૩

ડીસા તાલુકાનાં સાંડીયા ગામે થોડા દિવસો અગાઉ એક ખેતીની જમીન વેચાણ થઈ હતી, જેમાં વેચાણ કરનાર ઈસમે લાલચમાં આવી તેની સાથેના અન્ય દલાલની મદદે વેચાણની રકમ રૂપિયા ૫૮ લાખ મેળવી લીધી હતી અને વેચાણ લેનારને દસ્તાવેજ કરી આપી તેમાં વારસાઈમાં પોતાની પત્નીનું નામ જોડી દેતા આ જમીન વેચાણ લેનારના નામે થયેલ નહિ અને વેચાણ લેનારે પૈસા આપ્યા છતાં કબજો કે જમીન ન મળતા આ કામે ફરિયાદ થઈ હતી. જેમાં પોલીસે જમીન માલિક અને દલાલ સહીત કુલ બેની ધરપકડ કરી છે.

બનાસકાંઠાના ડીસા તાલુકાનાં સાંડીયા ગામનાં રહીશ કાનાભાઈ વિહાભાઈ રબારીએ પોતાની માલિકીની ખેતી લાયક જમીન તેમના પરિચિત દલાલ નટુભાઈ ચોધરીની મદદથી ભગાભાઈ મહાદેવભાઈ રહે, કાંટનાં ખેડૂતને રૂપિયા ૫૮ લાખની વેચાણ કીમતથી વેચાણ કરેલ, આ વેચાણની રકમ ટુકડે -ટુકડે વેચાણ લેનાર એવા ભગાભાઈ મહાદેવભાઈએ ચૂકતે કરતા આ જમીન વેચાણ આપનાર કાનાભાઈ વિહાભાઈ રબારીએ સબ રજીસ્ટાર કચેરીમાં તે મતલબનો દસ્તાવેજ પણ કરી આપેલો. જોકે તે બાદ આ જમીન વેચનાર અને તેમના મિત્ર એવા દલાલ નટુભાઈ ચોધરીનાં મનમાં લાલચ આવી જતા તેમને રૂપિયા ૫૮ લાખ હડપ કરી જમીન ન આપવી પડે તે માટે કાવતરું કર્યુ હતું અને તે કાવતરા અને છેતરપીડીનાં ભાગરૂપે જમીન વેચનાર કાનાભાઈ વિહાભાઈ રબારીએ પોતાની પત્નીનું નામ આ જમીનનાં વારસાઈમાં નોધાવતા વેચાણ રાખનાર ભગાભાઈ મહાદેવભાઈએ જમીનનાં ૫૮ લાખ ચૂકવ્યા હોવા છતાં આજમીન તેમના નામે થયેલ નહિ અને તેમને જમીનનો કબજો પણ મળેલ નહિ. આમ, આ જમીન વેચાણ કરી પોતાની પત્નીનું નામ વારસાઈમાં નોધાવી ૫૮ લાખ વેચાણ પેટે મેળવી, જમીન ન આપી કબજો ન આપી, છેતરપીડી કરાઈ હતી. જોકે લાખોની આ છેતરપીડી કેશની ડીસા તાલુકા પોલીસમાં ફરિયાદ થતા પી. આઈ. રઘુવીરસિહ ભદોરિયાએ બન્ને આરોપી એવા કાનાભાઈ વિહાભાઈ રબારી (જમીન માલિક) અને દલાલ નટુભાઈ ચોધરીની ધરપકડ કરેલ છે.



ગુજરાત રાજય સહકારી કૃષિ બેંક (ખેતી બેંક) અમદાવાદની ૬૨ મી વાર્ષિક સામાન્ય સભા ચેરમેનશ્રી કનુભાઈ પટેલના પ્રમુખપદે ગાંધીનગર ટાઉનહોલ ખાતે મળી હતી. તસ્વીરમાં ડાયસ ઉપર બેંકના ચેરમેનશ્રી કનુભાઈ પટેલ સહિત સાબરકાંઠા જીલ્લાના લોકસભાના સંસદ સભ્ય શ્રી દિપસિંહ રાઠોડ (બેંકની પ્રાંતિજ શાખાના પ્રતિનિધિશ્રી), બેંકના નવનિયુકત ડીરેકટરશ્રીઓ શ્રી જેઠાભાઈ ભરવાડ, ધારાસભ્યશ્રી (બેંકના પંચમહાલ જીલ્લાના ડીરેકટર), શ્રી મંગળસિંહ પરમાર (સુરેન્દ્રનગર જીલ્લો), શ્રી ધિરેનભાઈ ચૌધરી (મહેસાણા જીલ્લો), બેંકના વાઈસ ચેરમેનશ્રી ગોવાભાઈ રબારી, બેંકના મેનેજીંગ ડીરેકટરશ્રી, વિ.એમ.ચૌધરી તથા બોર્ડના સદસ્યશ્રીઓ દ્રષ્ટ્રિગોચર થાય છે.

## હોન્ડા દ્વારા મોબિલિયો કારને લોંચ કરી દેવાઈ

જાપાનની મહાકાય કાર કંપની હોન્ડાએ આજે મોબીલિયો નામની નવી કાર લોન્ચ કરી હતી. આ કારની કિંમત ભારતમાં ૬.૪૯ લાખથી લઈને ૧૦.૮૬ લાખ રૂપિયા રાખવામાં આવી છે. સાત સીટની મોબિલિયો કારની રેંજ પેટ્રોલની કારમાં ૬.૪૯ લાખથી લઈને ૮.૭૬ લાખ રૂપિયા રાખવામાં આવી છે જ્યારે ડિઝલ કારની કિંમત ૭.૮૯ લાખથી લઈને ૧૦.૮૬ લાખ રાખવામાં આવી છે. હોન્ડા એમેઝ અને અન્ય કારને ભારતીય બજારમાં સફળતા મળ્યા બાદ હોન્ડા દ્વારા આ નવી કાર લોન્ચ કરવામાં આવી છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે, આમા સાત સીટો છે.

# મોડાસામાં વાહન ટોઈંગ કરવાની અનિયમીત કામગીરીથી હાલાકી ભોગવતા વાહનચાલકો

મોડાસા, તા. ૨૩

મોડાસા નગરપાલિકા અને જગ્યામાં અથવા પોલીસ સ્ટેશનમાં મુકી દેવામાં આવે છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા ટાઉન પોલીસ દ્વારા મોડાસા નગરના રસ્તાઓ ઉપર આડેધડ પાર્કિંગ કરી જતા વાહનચાલકોને ડંડવાની સંયુકત પદ્ધતીથી વાહનચાલકોને દંડવામાં આવે છે અને આવા ટોઈંગ કરેલા વાહનો મોટા વાહનમાં ભરી જઈને નગરપાલિકાની

પરંતુ આ ટોઈંગ કરવાની પદ્ધતિ વરસાદની જેમ અનિયમીત ચાલુ બંધ કરવામાં આવે છે. જેથી મોડાસા રહેતા પ્રજાજનો અને આજુબાજુના ગામડાઓ એ તાલુકામાંથી આવતા પ્રજાજનો મુશ્કેલીમાં મુકાઈ જાય છે. એક બાજુ રમઝાન માસના છેલ્લા દિવસો બાકી હોવાથી મોડાસામાં છેક રાજસ્થાનથી ખરીદી કરવા આવતા લોકો અને વરસાદ સારો થવાથી આજુબાજુના ગામડામાંથી બીયારણની ખરીદી કરવા ઉમટી પડતા ખેડૂતો પોતાનું વાહન જે જગ્યા મળે ત્યાં પાર્કિંગ કરી ખરીદી કરવા જતા હોવાથી અને ખબર ન હોવાથી જયારે પાછા આવતાં ટોઈંગ વાહન દ્વારા તેમના વાહનો ટોઈંગ કરી લેવાતા અને ફોરવ્હીલર ગાડીને લોક મારી દેવાતા ખુબ જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોય તેવો અનુભવ થાય છે. આવી અનિયમીત પદ્ધતિના કારણે ઘણીવાર ટોઈંગ કરતા માણસો અને પ્રજાજનો વચ્ચે ઘર્ષણની સ્થિતિ પેદા થાય છે.

જ્યારે મોડાસા ટાઉન પોલીસ દ્વારા વ્હાલા દવલાની નિતી અપનાવાતા રસ્તાઓ ઉફર ઉભી રહેતી લારીઓવાળા અને ફેરીયાઓને બિંદાસ્ત પણે ગમે ત્યાં ઉભા રહેવાની છૂટ આપી દેવાતા વાહનચાલકોને ના છૂટકે પાર્કિંગ લાઈનની બહાર વાહન પાર્ક કરવા પડે છે. ગામડાની જનતા આવી પદ્ધતિથી અજાણ હોવાથી દંડાતી જોવા મળે છે. જાણએ પોલીસ દ્વારા 'પકાલીના વાંકે પાડાને માર' એવી સ્થિતિનો સામનો કરવો પડે છે. મોડાસામાં શોપીંગ માલીકો દ્વારા પણ સરકારના નિયમની ઐસીતૈસી કરી પાર્કિંગની જગ્યામાં પણ દુકાનો ખડકી દેવામાં આવતાં આવા માલિકોના નિર્ણયને કારણે પણ લોકોને સહન કરવાનું આવે છે.

# અરવલ્લી જિલ્લા મજદુર સંઘ દ્રારા કલેકટરને ૧૭ માંગણીઓ સાથે આવેદનપત્ર આપ્યું

મોડાસા તા. ૨૩

અરવલલી જીલ્લા ના મુખય મથક મોડાસા શહેર ખાતે આજે





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

જિલ્લા મજદુર સંઘ દ્વારા આશા કાર્યકર બહેનો અને યુજીવીસીએલ ના કર્મચારીઓ ધ્વારા રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ૫૦૦ થી વધુ બહેનો અને ભાઈઓ જોડાયા હતા.

આશા વર્કરો દ્વાર ફેસીલીટર દિવસના ૮ થી ૧૦ કલાક કામ કરતા હોય તેઓ ને કામદાર ની વ્યાખ્યા માં ગણી સરકારી કર્મચારી ઘોષીત કરવાના મુદ્દે આજે ોડાસા તાલુકા પંચાયત કચેરી ખાતેથી આશા વર્કર બહેનો અને મજદુર સંઘ સાથે મળી ને તેમનો અવાજ ઉઠાવ્યોહતો ત્યારે આ રેલી મોડાસા માં ફરી કલેકટર ઓફીસ ના પંટાગણ માં જઈ જીલ્લા કલેકટર ને પોતાની ૧૭ માંગણીઓ સાથેનુ આવેદનપત્ર આપ્યુ હતુ અને હાલ જે આશા વર્કર બહેનો નુ શોષણ થાય છે તે અટકાવવા માટે પણ માંગણી કરી હતી.

તાજેતર માં સરકારશ્રી દ્વારા પરીપત્ર કરવામાં આવેલ છે કે પી.એચ.સી કેન્દ્ર માં ડીલેવરી કેસ લઈ નજાર આશા વર્કર ને ડીલેવરી ના ૨૦૦ રૂપીયા મળવા પાત્ર છે.ત્યારે મોટાભાગની બહેનો પ્રાઈવેટ માં ડીલેવરી કરાવતી હોઈ આ બહેનો ને મળવાપાત્ર રૂપીયા મળતા નથી જેના કારણે આ બહેનોખુણે ખુણે જઈને આવા કામો કરે છે છતાયે તેમને પુરુ વળતર નથી મળતુ તેના કરારણે આજે અવાજ ઉઠાવાનો વારો આવ્યો હતો.

## જાહેરાતનું હોડીંગ તુટી પડતા રિક્ષા દબાઈ

અમદાવાદ, તા. ૨૩

શહેરના અમરાઈવાડી વિસ્તારમાં હાટકેશ્વર એજન્સીનું ૫૦ ફુટનું હોડીંગ તુટીને પડતા રીક્ષા દબાઈ ગઈ હતી. જેના લીધે બે રીક્ષા દબાઈ જતા બે વ્યક્તિને ઈજા પહોંચતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અમરાઈવાડી વિસ્તારમાં હાટકેશ્વર સર્કલ પાસે સરદારની ચાલીમાં રહેતા રામલખન સીતારામ યાદવ અને હાટકેશ્વર બસ ડેપો પાસે પાંડેની ચાલીમાં રહેતા સુરેશ રામતીરથ દુબે રીક્ષા ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આ બંને રીક્ષા ચાલકો ગત રાત્રીના સમયે હાટકેશ્વર સર્કલ પાસેના રીક્ષા સ્ટેન્ડ ખાતે રીક્ષા રાખીને બેઠા હતા ત્યારે એક વાગ્યાના સુમારે ભારે પવન ફુંકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લગાવાયેલું જાહેરાત માટેનું ક્રિષ્ના એજન્સીનું ૫૦ ફુટનું હેડીંગ તુટીને નીચે રહેલી રીક્ષાઓ ઉપર પડ્યું હતું. જેના લીધે બે રીક્ષાચાલકોને ઈજાઓ પહોંચી હતી, જ્યારે બંનેની રીક્ષાનો ભુક્કો બોલી ગયો હતો.



બામણા-પુનાસણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કવિવર ઉમાશંકર જોષીની જન્મજયંતીની ઉજવણી યોજાઈ. જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોષીની જન્મજયંતી નિમિત્તે રાજ્યકક્ષાએ પરીસંવાદ કાર્યક્રમ યોજાયો. સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના બામણા-પુનાસણમાં કવિવર ઉમાશંકર જોષીની જન્મજયંતી યોજાઈ. શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કેમ્પસમાં શિક્ષણ, સાહિત્ય અને સમાજ સેવાને સમર્પિત મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોષીની જન્મ જયંતીની ઉજવણીનો કાર્યક્રમ ભારે દબદબાભેર યોજાયો હતો. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ એમ.ફીલ વિભાગ, ગુજરાતી વિભાગ આયોજીત પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. અધ્યક્ષ પદે કુલપતિ ડૉ.આર.એલ.ગોડારા, યુનિવર્સિટી રજીસ્ટ્રાર ડૉ.દિલીપભાઈ સી.પટેલ, પુર્વ ગૃહરાજ્ય મંત્રી પ્રફુલ્લભાઈ પટેલ, સાબરકાંઠા પુર્વ સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, સાહિત્યકાર ડૉ.મણીલાલ પટેલ, ડૉ.પ્રવિણભાઈ દરજી, શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ હસમુખભાઈ ત્રિવેદી, મંત્રી જગદીશભાઈ જોષી, કારોબારી સભ્યો, કોલેજના સાહિત્ય રસિકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સાહિત્યકાર ઉમાશંકર જોષી વિશે ડૉ.મણીલાલ પટેલ અને પ્રવિણભાઈ દરજીએ સુંદર વક્તવ્ય રજુ કર્યું હતું. યુનિવર્સિટી ધ્વારા પુસ્તક પ્રદર્શન, ફોટો પ્રદર્શન, એકાંકી વગેરે રજુ કરવામાં આવ્યું હતું. મુર્ધન્ય કવિવર વિશે બામણા કોલેજ કેમ્પસમાં જુદા-જુદા ક્ષેત્રના વિષય તજજ્ઞોએ એક સાહિત્યિક માહોલ રજુ કર્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન અશોકભાઈ ત્રિવેદી અને ડૉ. ભીખાભાઈ પટેલે કર્યું હતું.

# સાક્ષી મિતેષ શાહે વિસ્મય વિરુદ્ધ અંતે જુબાની આપી

અમદાવાદ, તા. ૨૩

ચકચારી બીએમડબલ્યુ હીટ એન્ડ રન કેસમાં સાક્ષી મિતેષભાઈ શાહે આરોપી વિસ્મય શાહ વિરૂદ્ધ જુબાની આપતા કેસમાં નવો વળાંક આવ્યો છે. સાક્ષી મિતેષ શાહે આરોપી વિસ્મયને ઓળખી બતાવ્યો હતો. ઉપરાંત કોર્ટ સમક્ષ અકસ્માતના દિવસે બનેલી સમગ્ર ઘટનાનું વર્ણન પણ કર્યું હતું.

સાક્ષીએ વિસ્મય વિરૂદ્ધ જુબાની આપતા તેની સામેનો કેસ મજબુત બન્યો છે.શહેરના જજીસ બંગલો વિસ્તારમાં ૧ ૧ ૨ કિમી ઝડપે બીએમડબલ્યુ કાર હંકારી બે આશાસ્પદ યુવાનો રાહુલ પટેલ અને શિવમ દવેનો જીવ લેનાર આરોપી વિસ્મય શાહના કેસમાં ચાર સાક્ષીઓ હોસ્ટાઈલ (ફરી જનાર સાક્ષી) થયા બાદ સાક્ષી મિતેષભાઈ શાહે વિસ્મય શાહ વિરૂદ્ધ જુબાની આપી હતી. મિતેષ શાહે બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસના આરોપી વિસ્મય શાહને ઓળખી બતાવ્યો હતો અને તેમણે કોર્ટમાં એડિશનલ સેશન્સ જજ પીએમ પટેલ સમક્ષ જુબાની આપી હતી કે હું ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ જજીસ બંગલોથી માનસી તરફ જઈ રહ્યો હતો ત્યારે એક બીએમડબલ્યુ કાર મારી એસન્ટ કારના ડાબા પડખે ટક્કર મારી પુરઝડપે પ્રેમચંદનગર તરફ આગળ વધી ગઈ હતી. મે તે કારનો પીછો કર્યો હતો ત્યાં થોડે દૂર તે કારે એક બાઈકને ટક્કર મારી હતી.

સાક્ષીએ કોર્ટ સમક્ષ અકસ્માતના દિવસે બનેલ ઘટનાનું વર્ણન કરતા વિસ્મય સામેનો કેસ મજબુત બન્યો છે. મિતેષ શાહે ભોગ બનનારની તરફેણમાં જુબાની આપતા મૃતક રાહુલ પટેલના પિતા ઘનશ્યામ પટેલ રડી પડ્યા હતા. બીએમડબલ્યુ કેસમાં આ પહેલા ચાર સાક્ષીઓએ જુબાની આપી હતી પરંતુ તે બધાએ કોર્ટમાં ફેરવી તોળ્યું હતું. આ સાક્ષીઓમાં રાહુલ અને શિવમના મિત્રો દિનેશ ચૌધરી અને લલીત ગુપ્તા પણ સામેલ છે કોર્ટે તેમને હોસ્ટાઈલ જાહેર કર્યા છે. આ કેસમાં હજુ ૩૪ સાક્ષીઓની જુબાની બાકી છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦